ક્રમાંક: વહટ/૬૧૩/કાસુ/ક/૪૧૭/૦૭
રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ,
બ્લોક નં.૧૦, જુના સચિવાલય
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
તા.૨૨/૫/૨૦૦૭

વંચાણે લીધા :
૧. અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંક: સકક/૨૧૧૩/ક/૯૯૯/૯૬ તા.૨૯/૮/૧૯૯૬.
૨. તા.૧૧/૪/૨૦૦૭ની રાજ્ય સહકારી કાઉન્સીલની કાર્યવાહીની નોંધના મુદ્દા નં.૮(૧).

પ રિ પ ત્ર :

ક્રમાંક (૧) ના અત્રેની કચેરીના પરિપત્રથી સહકારી મંડળીઓ સંસ્થાઓ તેના સભાસદો / વ્યવ. કમિટી સભ્યોને ભેટ પ્રોત્સાહનરુપે સભાસદ વસુલાત સાથે સાંકળીને પ્રચાર અર્થે આપી શકે તે અંગે વિગતવાર સુચનાઓ આપવામાં આવેલ હતી. જેમાં હવે ઉપર ક્રમાંક: (૨) તા.૧૧/૪/૨૦૦૭ની રાજ્ય સહકારી કાઉન્સીલની કાર્યવાહીની નોંધના મુદ્દા નં.૮ (૧) માં લેવાયેલ નિર્ણય અન્વયે ભેટ આપવાની વસ્તુની કિંમતની મર્યાદા નીચે મુજબ નક્કી કરવામાં આવે છે.

સહકારી સંસ્થાઓ સહકારી વર્ષ દરમ્યાન એક વખત સદર મર્યાદામાં 'ભેટ' આપી શકશે.

| અ.નં. | સંસ્થાનું નામ.. | ભેટની રકમની મર્યાદા.. |
|---|---|---|
| ૧ | પ્રાથમિક સહકારી મંડળીઓ | ૭૫૦/– સુધી |
| ૨ | તાલુકા કક્ષાની સંસ્થાઓ | ૧૦૦૦/– સુધી |
| ૩ | જીલ્લા કક્ષાની સંસ્થાઓ | ૩૦૦૦/– સુધી |
| ૪ | ટોચની સહકારી સંસ્થાઓ | ૬૦૦૦/– સુધી |

૧. સંસ્થાએ ખાસ પ્રસંગે અને ઠરાવેલ મર્યાદામાં જ ફક્ત વસ્તુ સ્વરુપે ભેટ આપવાની રહેશે. કોઈપણ સંજોગોમાં રોકડ સ્વરુપે ભેટ આપી શકાશે નહિ.

૨. તમામ પ્રકારની ફેડરલ મંડળીએ ભેટ તેની સભ્ય મંડળીને આપવાની છે અને આવી ભેટ સભાસદ મંડળીના ડેડસ્ટોકમાં જમા લઈ સંસ્થાના સામાન્ય ઉપયોગમાં લેવાની રહેશે.

૩. સહકારી સંસ્થાઓ જેઓ નફો ન કરતી હોય કે સરકારશ્રીની સહાય મેળવતી હોય (સંસ્થા જયાં સુધી સહાય મેળવતી હોય ત્યાં સુધી ) કોઈપણ પ્રકારની ભેટ આપી શકશે નહિ.

૪. સહકારી સંસ્થાઓએ આવી ભેટ આપવા બાબતે વાર્ષિક સાધારણ સભામાં મંજુરી મેળવી લેવાની રહેશે તેમજ ખર્ચ અંગેની ફાળવણી નફામાંથી કરવાની રહેશે.

૫. સહકારી મંડળીઓ તેના સભાસદોને હોદ્દેદારો / નિયામક મંડળના સભ્યોને ઠરાવેલ રકમની મર્યાદામાં ખાસ પ્રસંગોએ તેમજ બચત સાથે સાંકળીને કે પ્રોત્સાહનરુપે ભેટ આપી શકશે.

સહી/-
( જે. ડી. ભાડ )
રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,ગુ.રા.
ગાંધીનગર.

પ્રતિ,

૧. સઘળી ટોચની સહકારી સંસ્થાઓ, ( સવિનય )

૨. કમિશ્નરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગ, ગુ.રા. ગાંધીનગર (સવિનય)

૩. મુખ્ય કાર્યપાલક અધિકારીશ્રી, નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ, અમદાવાદ (સવિનય)

૪. ખાંડ નિયામકશ્રી, ગુ.રા. ગાંધીનગર. (સવિનય)

૫. જીલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, તમામ..

૬. સહકાર ખાતાના સઘળા રાજયપત્રિત અધિકારીશ્રીઓ,

૭. તમામ શાખા – વડીકચેરી, ગાંધીનગર.

અધિક રજીસ્ટ્રાર (વહીવટ)
સહકારી મંડળીઓ,ગુ.રા.
ગાંધીનગર.